ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬



ફિરોઝ ખાનની એક્ટિંગ જોઈને રાજેશ ખન્ના કેમ થયા ઇનસિક્યોર? Pg.2



હું પોતાની જાતને ઓછી આંકતી હતીઃ મૃણાલ ઠાકુર Pg.4

# શ્રીદેવી જેવી MOM છતાં... બોલિવૂડ ખુશીથી દુઃખી કેમ?

**બહેન જાન્હવી કપૂરની જેમ ખુશીએ પણ અભિનયની દુનિયામાં પોતાની સફર શરૂ કરી છે. ફિલ્મ 'ધ આર્ચીઝ'થી અભિનય ક્ષેત્રે પ્રવેશ કરનાર ખુશી પોતાની સુંદરતા, સ્ટાઇલ અને ફેશન સેન્સને કારણે યુવા પેઢીમાં લોકપ્રિય બની છે પણ......**



### ટોક ઓફ ધ ટાઉન

સામાન્ય રીતે ડૉક્ટરના બાળકો ડૉક્ટર બને અને બિઝનેસમેનનાં બાળકો બિઝનેસમેન બને. ખરું ને? બોલિવૂડમાં પણ આવું જ કંઈક બનતું આવ્યું છે. જેમ કે, અમિતાભ બચ્ચનનો પુત્ર અભિષેક બચ્ચન પણ એક્ટર બન્યો, અનિલ કપૂરની દીકરી સોનમ પણ એક્ટ્રેસ બની, હેમા માલિનીની દીકરી એષા દેઓલ પણ એક્ટ્રેસ બની.... છતાં, તમે એક વાત નોટિસ કરી છે? અમુક અપવાદોને બાદ કરતાં, જો માતા-પિતા એક્ટિંગની કેરિયરમાં ઘણા સફળ રહ્યા હોય તો તેમનાં બાળકોને એટલી સફળતા મળતી નથી. અથવા તો તેમની કેરિયરની ગાડી ઘણી ધીમી ચાલતી હોય છે. આની પાછળનું એક કારણ એ પણ હોઈ શકે કે ઓડિયન્સોને સ્ટાર કિડ્સ પાસે અપેક્ષાઓ ઘણી વધારે હોય છે. તેમના માતા-પિતા સફળતાનું સ્તર એટલું ઊંચું મૂકી જાય છે કે તે ટોચ પર પહોંચવાનું દરેકના ગજાની વાત હોતી નથી અથવા તો કદાચ એટલી આવડત પણ હોતી નથી. અને કદાચ આવું જ કંઈક શ્રીદેવીની પુત્રી ખુશી કપૂર સાથે બની રહ્યું છે.

સ્વ. શ્રીદેવીએ એક વાર ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેઓ નહોતાં ઈચ્છતાં કે તેમની બંને દીકરીઓ જાહ્નવી અને ખુશી એક્ટ્રેસ બને, કારણ કે તેઓ નહોતાં ઈચ્છતાં કે તેમણે જે સંઘર્ષ જોયો તેવો સંઘર્ષ તેમનાં બાળકોએ કરવો પડે. એક માતા તરીકે શ્રીદેવીનું વિચારવું ભલે યોગ્ય હોઈ શકે, પરંતુ ભવિષ્યમાં બન્યું પણ એવું કે જાહ્નવી અને ખુશી બંનેએ એક્ટિંગને પોતાની કેરિયર તરીકે પસંદ કરી. જાહ્નવી કપૂરની વાત કરીએ તો તેની કેરિયર સામાન્ય ચાલી રહી છે. તેને પિતા બોની કપૂરને કારણે અમુક ફિલ્મો મળી રહે છે. છતાં, જો શ્રીદેવી સાથે તુલના કરીએ તો હજી તેના માટે દિલ્હી ઘણી દૂર છે. આટલું પૂરતું ન હોય તેમ, હવે શ્રીદેવીની નાની દીકરી ખુશી કપૂરે પણ એક્ટિંગમાં ઝંપલાવ્યું છે. તેની ઓટીટી પર 'ધ આર્ચીઝ' અને 'નાદાનિયાં' ફિલ્મો રિલીઝ થઈ અને ત્યાર બાદ ખુશી કપૂરની સોશિયલ મીડિયા પર ખરાબ રીતે ટ્રોલિંગ થઈ. કેટલાકે કહ્યું કે 'ખુશીએ દુખી કર્યા', તો કોઈકે કહ્યું કે, 'બસ કર ખુશી, તારી માતાની લેગસી અકબંધ રહેવા દે', 'કભી ખુશી કભી ગમ', 'ઓડિયન્સ દુખી, પ્રોડ્યુસર મૌન' અને વગેરે વગેરે... આમ, ઓડિયન્સને ખુશીના એક્ટિંગમાં જરા પણ દમ લાગ્યો નહીં. તેમ છતાં, પિતા બોની કપૂરને હજી પણ આશા છે કે ખુશીની કેરિયરની ગાડી ચોક્કસ ચાલશે. બોની કપૂરની અગાઉની ફિલ્મ 'મોમ'માં શ્રીદેવી મુખ્ય ભૂમિકામાં હતી.

તે તેમની છેલ્લી ફિલ્મ હતી. પણ આ વખતે બોની કપૂરે 'મોમ 2'માં ખુશીને લેવાનું નક્કી કર્યું છે. ખુશી અને તેના પરિવારને ભલે એવું લાગતું હોય કે તે એક્ટિંગમાં આગળ વધી શકશે, પરંતુ 'મોમ 2'ના શૂટિંગ દરમિયાન ફિલ્મના ડિરેક્ટર અને તેમની ટીમને તો લાગવા માંડ્યું હતું કે ખુશી જરૂર કરતાં વધારે રીટેક્સ લઈ રહી છે. 'મોમ 2'ના ડિરેક્ટરને શરૂઆતમાં ખુશીને લેવામાં કોઈ વાંધો નહોતો, પરંતુ શૂટિંગ કરતાં તેમને ખ્યાલ આવ્યો કે ખુશી પાસેથી યોગ્ય ઈમોશન્સ બહાર લાવવામાં તેમને ઘણી મહેનત કરવી પડે છે. બોલિવૂડમાં કરણ જોહર સ્ટાર કિડ્સને લોન્ચ કરવા માટે જાણીતો છે. પરંતુ ફક્ત વ્યવસ્થિત લોન્ચિંગ મળી રહે એટલું જ પૂરતું નથી. આજે ઓડિયન્સોના દિલમાં ઊતરવા માટે તમારે એ પ્રમાણે એક્ટિંગ પણ કરવો પડે છે. જો તેમને તે ન મળે તો ગમે તેટલી ફિલ્મોમાં કામ કરો, તો પણ તેઓ એક્ટર તરીકે સ્વીકારતા નથી. જેમ કે, અભિષેક બચ્ચનને શરૂઆતમાં ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ પછીથી તેના એક્ટિંગનાં વખાણ થવા લાગ્યાં અને તેની કેરિયર મોડી મોડી પણ આગળ વધવા લાગી. ટ્વિન્કલ ખન્ના, તુષાર કપૂર, એષા દેઓલ અને સોનમ કપૂરને પણ એક્ટિંગનો વારસો માતા-પિતા પાસેથી મળ્યો તેમજ સારું લોન્ચિંગ પણ થયું હોવા છતાં, કેરિયરમાં કંઈ ખાસ ઉકાળી શક્યાં નહીં. ખુશીની એક્ટિંગથી નિરાશ ઈન્ડસ્ટ્રીએ તેને બ્લેકલિસ્ટ કરી નથી, પરંતુ ફિલ્મની કાસ્ટિંગમાં ફેરબદલ કરી દીધો. જેમ કે, ડિરેક્ટર બુચી બાબુ સનાએ જણાવ્યું કે તેમની ફિલ્મ 'પેડ્ડી'માં અગાઉ ખુશીને લેવાની વાત હતી, તેના બદલે હવે તેની બહેન જાહ્નવી કપૂરને લેવાનું નક્કી કર્યું છે. વળી, ખુશીનું તેના કહેવાતા બોયફ્રેન્ડ વેદાંગ રૈના સાથે બ્રેકઅપ થયું હોવાથી કરણ જોહર સાથેની ફિલ્મ, જેમાં વેદાંગની સાથે શર્વરી વાઘ અને અનન્યા પાંડે પણ હતાં, તેમાં પણ ફેરબદલ થયા હોવાની વાત સાંભળવા મળી છે. આમ, બોલિવૂડમાં પણ એક નહીં તો કોઈ બીજા કારણથી ખુશીના હાથમાંથી ફિલ્મ જતી રહે છે. ભલે આજે કોઈ તેને સીધેસીધું કહેતું નથી, પરંતુ જો તે તેની શરૂઆતની ફિલ્મોના અનુભવ પરથી ન શીખે તો ઈન્ડસ્ટ્રી તેને સાઈડલાઈન કરવામાં વાર લગાવતી નથી.

> ખુશીની એક્ટિંગથી નિરાશ ઇન્ડસ્ટ્રીએ તેને બ્લેકલિસ્ટ કરી નથી, પરંતુ ફિલ્મની કાસ્ટિંગમાં ફેરબદલ કરી દીધો

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ખુશી વિશે એવું કહેવામાં આવે છે કે તેની પાસે તક અને પૈસા બંને છે, પણ ટેલેન્ટની કમી છે. તો તેણે એક્ટિંગની કેરિયર છોડીને બીજો કોઈ રસ્તો શોધવો જોઈએ, જેમાં તેની આવડત હોય અને તેની પાસે જે તક આવે છે તે કોઈ એવી લાયક નવોદિત એક્ટ્રેસને આપવી જોઈએ. ખુશી ભલે લેજન્ડરી એક્ટ્રેસ શ્રીદેવીની પુત્રી હોય, પરંતુ તે એક્ટિંગમાં પણ શ્રીદેવી જેવી જ હોય તેવું જરૂરી નથી. કદાચ તેના નસીબમાં અન્ય કોઈ કેરિયર લખાયેલી હોય શકે. જેમ કે, સોનમની બહેન રિયા કપૂરે અને એષા દેઓલની બહેન આહના દેઓલે એક્ટિંગ સિવાયનો રસ્તો અપનાવ્યો અને તેમાં તેઓ સફળ પણ રહ્યાં છે. આમ, ખુશી પણ પોતાની આવડતને ઓળખીને કેરિયરની પસંદગી કરે તો તેમાં તેની, તેના પરિવારની અને સાથેસાથે ઓડિયન્સોની પણ ખુશી સમાયેલી છે! •

## સલમાને ક્લાસરૂમની બહાર ઊભા રહેવું પડ્યું!

હાલમાં 3000 કરોડની સંપત્તિ ધરાવતા સલમાન ખાનનો બાળપણમાં એક સમય એવો આવ્યો હતો કે તેના પિતા તેની સ્કૂલની ફી સમયસર ભરી શક્યા ન હતા અને તેના કારણે તેને ક્લાસરૂમની બહાર ઊભો રાખવામાં આવ્યો હતો.

હિન્દી સિનેમાના ટોચના સિતારાઓમાં સૌપ્રથમ તો શાહરુખ ખાન આવે છે, જેની સંપત્તિ 10,000 કરોડની છે. ત્યાર બાદ અમિતાભ બચ્ચન 4000 કરોડની સંપત્તિ સાથે અને પછી સલમાન ખાન આવે છે, જેની 3000 કરોડની સંપત્તિ છે. પરંતુ આટલી ઊંચાઈએ પહોંચતાં પહેલાં તેમના જીવનમાં પણ ઘણા સંઘર્ષો આવ્યા હતા. આ વાત તો જાણીતી છે કે ઘણા વર્ષો પહેલાં સલમાનના પિતા સલીમ ખાન મુંબઈ આવ્યા હતા, બોલિવૂડમાં પોતાનું નસીબ અજમાવવા માટે. તેઓ મરીન ડ્રાઈવ પર રૂ. 55 આપીને અડધા રૂમનું ભાડું ચૂકવીને ત્યાં રહેતા હતા. સમય જતાં તેમની સાથે જાવેદ અખ્તર જોડાયા અને તેઓ હિન્દી સિનેમાના જાણીતા સ્ક્રીનરાઈટર્સ બન્યા. શરૂઆતમાં તેમની સફર ઘણી મુશ્કેલ રહી.

સલમાન તેના પરિવારના આર્થિક સંઘર્ષના દિવસો યાદ કરતાં કહે છે કે, હું જે સ્કૂલમાં ભણતો હતો ત્યાં મને મારી તોફાનમસ્તીને કારણે ઘણી વાર ક્લાસરૂમની બહાર ઊભો રાખવામાં આવતો. પરંતુ એક દિવસ મને કંઈ પણ કારણ વગર ઊભો રાખવામાં આવ્યો. જ્યારે મારા પિતાએ કારણ પૂછ્યું તો તેમને જણાવવામાં આવ્યું કે એક પિતા તરીકે તમારી ભૂલને કારણે તેને આ સજા મળી છે. તમે સ્કૂલની ફી સમયસર ભરી નથી શક્યા, તેના કારણે આમ કરવામાં આવ્યું છે. અને વળી, મારા પિતાએ જવાબ આપ્યો હતો કે તો પછી આ સજા પિતા તરીકે મને જ મળવી જોઈએ. ત્યારબાદ મારા પિતાએ ફી ભરી દીધી.




વળી, સલમાને જ્યારે ફિલ્મોમાં પ્રવેશ કર્યો ત્યારે પણ તેને શરૂઆતમાં કામ મળવામાં ઘણી મુશ્કેલીઓ પડતી હતી. તેની પહેલી ફિલ્મ 1988માં ઘર હો તો એસામાં તેને સહાયક ભૂમિકા મળી હતી. ત્યાર બાદ સૂરજ બડજાત્યાની ફિલ્મ મૈંને પ્યાર કિયાથી તેને સક્સેસ મળી, છતાં તેના ત્રણ-ચાર મહિના પછી પણ તેને કોઈ બીજી ફિલ્મ મળી ન હતી. એક ટોક શોમાં સલમાન જણાવે છે કે જ્યારે તે 14 વર્ષનો હતો ત્યારે આર્થિક તંગીને કારણે તેણે એક શોમાં બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે કામ કર્યું હતું અને તેના માટે તેને રૂ. 75 મળ્યા હતા. એક સમયે પોતાની પહેલી ફિલ્મ માટે રૂ. 31,000 મેળવનાર અને ત્યાર પછીની ફિલ્મોમાં રૂ. 75,000 મેળવનાર સલમાનની આજે નેટવર્થ 3000 કરોડની છે. •

## શ્રીયાએ RRR માટે કઝીનનાં મેરેજ છોડ્યાં

એક્ટ્રેસ શ્રીયા સરન આપણી સાથે એક વાત શેર કરે છે કે કેવી રીતે તેને એસ. એસ. રાજામૌલીની ફિલ્મ RRR મળી હતી અને આ ફિલ્મ મેળવવા માટે તે પોતાનાં કઝીનનાં મેરેજ અધૂરાં છોડીને ઓડિશન માટે ગઈ હતી. ફિલ્મમાં શ્રીયા માટે એક ફ્લેશબેકનો સીન હોય છે, જેમાં અજય દેવગણ તેની સાથે સ્ક્રીન શેર કરતો દેખાય છે.



આ વિષે શ્રીયા જણાવે છે કે, 'હું મારા કઝીનનાં મેરેજ માટે જયપુર ગઈ હતી. ત્યાં મને અચાનક RRR ફિલ્મના ઓડિશન માટે ફોન આવ્યો હતો. મારે રાજામૌલી સર સાથે ફરી કામ કરવાની તક જતી કરવી નહોતી. તેમણે મને બીજા જ દિવસે બોલાવી હતી. એટલે હું મારા કઝીનનાં મેરેજ અધૂરાં છોડીને ફિલ્મના ઓડિશન માટે નીકળી ગઈ. મારી સવારે પાંચ વાગ્યાની ફ્લાઈટ હતી. હું આખી રાત સૂઈ શકી નહીં. તેમણે કહ્યું હતું કે, 'કાલે આવી જા. કાલે આપણે ફક્ત રીડિંગ કરીશું અને તેના બીજા દિવસથી શૂટિંગ શરૂ કરી દઈશું.' એટલે જ્યારે હું ત્યાં પહોંચી ત્યારે તેમણે મને રીડિંગ કરવાનું જ કહ્યું, કારણ કે તેમને મારો એક લુક જોવો હતો. જ્યારે આ પૂરું થયું ત્યાર પછી તેમણે મને 'ઓકે' કહ્યું અને પછી શૂટ શરૂ કરવા જણાવ્યું. પણ સાચું કહું તો મને તેમની સાથે કામ કરવાની ઘણી મજા આવી.' શ્રીયાએ અગાઉ પણ રાજામૌલી સર સાથે છત્રપતિમાં કામ કર્યું હતું.

શ્રીયા વધુમાં જણાવે છે કે, 'મને રાજામૌલી સર સાથે કામ કરવા ઉપરાંત તેમના સેટ પરનો માહોલ પણ ઘણો ગમે છે. સેટ પર શૂટિંગ દરમિયાન બધા એકસાથે લંચ બ્રેક લે છે. બધા જમીન પર જ સાથે બેસી જાય છે અને એકબીજા સાથે ફિલ્મોની તથા તેમના સંઘર્ષોની વાતો કરતા અને મજાક કરતા-કરતા લંચ કરે છે. રાજામૌલી સરનાં પત્ની રામા મેડમ અમારા બધા માટે ઘરનું બનાવેલું ભોજન લઈ આવે છે. આટલા હળવા માહોલને કારણે તેમની સાથે કામ કરવાની ઘણી મજા આવે છે.' શ્રીયાની હાલમાં જ દૃશ્યમ 3 રિલીઝ થઈ હતી, જેમાં તેની સાથે અજય દેવગણ, તબુ અને જયદીપ અહલાવત મુખ્ય ભૂમિકામાં હતાં. •

### બોલિવ્લોગ વિથ પૉપ

## વિજયનાં વર્તનનાં સોશિયલ મીડિયા પર થયાં વખાણ

કેટલાક લોકો પોતાનો પ્રેમ શબ્દોમાં વ્યક્ત કરી શકે છે, તો કેટલાક પોતાના વર્તન દ્વારા વ્યક્ત કરી દે છે. લાગે છે કે વિજય વર્માને તે બરાબર આવડે છે. હાલમાં વિજય વર્માનો એક વીડિયો વાઈરલ થયો છે, જેમાં તે તેની કથિત ગર્લફ્રેન્ડ આલિયાહ કુરેશી માટે ચીયર્સ કરતો દેખાય છે. સોશિયલ મીડિયા પર આ વીડિયોની ઘણી ચર્ચા થઈ રહી છે.

ખરેખર વાત એમ હતી કે આલિયાહના મ્યુઝિક આલ્બમ જલ્લીના મ્યુઝિક લોન્ચની ઉજવણી થઈ રહી હતી અને એ ઈવેન્ટમાં વિજય પણ હાજર રહીને આલિયાહ માટે ચીયર્સ કરતો હતો. ઈવેન્ટમાં આલિયાહ જ્યારે સેન્ટર સ્ટેજ પર પરફોર્મ કરવા આવે છે ત્યારે વિજય તેના માટે તાળીઓ પાડે છે, સીટી મારે છે અને તેનો વીડિયો પણ ઉતારે છે. તેના ચહેરા પર આલિયાહની સફળતાની ખુશી સ્પષ્ટ દેખાતી હતી. આ ઘટનાની રસપ્રદ વાત એ છે કે વિજય અને આલિયાહ એકબીજાને જે રીતે જોઈ રહ્યાં હતાં અને તેમના ચહેરા પર જેટલી ખુશી દેખાતી હતી, એ બધાએ નોંધ્યું અને તે વીડિયો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગયો.



વિજય અને આલિયાહ ઘણી વાર સાથે જોવા મળ્યાં છે અને તેઓ એકબીજાને ડેટ કરી રહ્યાં છે તેવી અફવા ચાલી રહી છે. છતાં, વિજય કે આલિયાહ બેમાંથી કોઈએ પણ આ વિષે જાહેરમાં સ્પષ્ટતા કરી નથી. પરંતુ તેમની વચ્ચેની કેમિસ્ટ્રી જોઈને એક વાતનો ચોક્કસ ખ્યાલ આવી જાય છે કે પ્રેમ એ કંઈ શબ્દોથી જતાવવાની બાબત નથી. ક્યારેક જેને આપણે પ્રેમ કરીએ છીએ તેની ખુશીમાં ખુશ થઈને પણ આપણે પ્રેમ વ્યક્ત કરી શકીએ છીએ. કદાચ વિજયના વર્તનથી સોશિયલ મીડિયા પરના તેના ફોલોઅર્સને આ વાત ગમી ગઈ હશે અને તેમણે તે બંને વચ્ચે રહેલા પ્રેમનો અનુભવ કર્યો હશે! •